# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 11-11-2024 Morning : 7.50 to 8.00
Day : Monday National News

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના વડતાલમાં સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવમાં વર્ચ્યૂઅલ ઉપસ્થિત રહેશે

2) નવી દિલ્હીમાં આજથી 6 દિવસના ભારતીય ટેક્નોલોજી અને આર્થિક સહયોગ સહકારી ક્ષમતા નિર્માણ કાર્યક્રમનો પ્રારંભ થશે

3) ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનો ચૂંટણી પ્રચાર આજે પૂર્ણ થશે

4) કોલકાતા આર. જી. કર મેડિકલ કૉલેજની મહિલા તબીબ સાથે થયેલા દુષ્કર્મ અને હત્યા કેસ મામલે આજથી વિશેષ અદાલતમાં સુનાવણી શરૂ થશે.

5) બિહારમાં આજથી મહિલાઓની એશિયન હૉકી ચેમ્પિયન્સ ટ્રૉફી સ્પર્ધાનો પ્રારંભ થશે

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM SWAMINARAYAN TEMPLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના વડતાલમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી સમારોહમાં વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે શ્રી મોદી ઉપસ્થિત લોકોને સંબોધિત પણ કરશે. વડતાલમાં આવેલું શ્રીસ્વામિનારાયણ મંદિર અનેક દાયકાઓથી લોકોના સામાજિક અને આધ્યાત્મિક જીવનની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે.

આ મંદિરનું નિર્માણ ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશ પર સદગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી અને સદગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીએ કરાવ્યું હતું. આ મંદિર કમળના આકારમાં બનેલું છે, જે તમામ ધર્મ વચ્ચે સદભાવની ભાવનાનું પ્રતીક છે. તાજેતરમાં જ વડતાલ મંદિરની 200મી વર્ષગાંઠ ઉજવવા માટે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં તેની મહત્વની ભૂમિકાના સન્માનમાં એક વિશેષ ટપાલ ટિકિટ પણ જાહેર કરાઈ છે..

# CJI OATH

ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના આજે દેશના 51મા મુખ્ય ન્યાયાધીશ પદના શપથ ગ્રહણ કરશે. રાષ્ટ્રપતિ ભવનમાં એક વિશેષ સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે સવારે તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ તરીકે રવિવારે સેવા નિવૃત્ત થયેલા ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડનું સ્થાન લેશે.

# JAISHANKARRUSSIA DPM

રશિયાના પેહલા નાયબ પ્રધાનમંત્રી ડેનિસ મંતુરોવ ગઈકાલે ભારત પ્રવાસ પર મુંબઈ પહોંચ્યા છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સોશિયલ મીડિયાના એક સંદેશમાં લખ્યું કે, તેઓ આજે ભારત અને રશિયા બિઝનેસ ફોરમમાં તેમની સાથે સંવાદની રાહ જોઈ રહ્યા છે. આ મંચ બંને દેશ વચ્ચે આર્થિક સબંધોને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત છે.

# NHRC MEA PROGRAMME

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ આજથી વિદેશ મંત્રાલયના સહકારથી નવી દિલ્હીમાં છ દિવસનો ભારતીય ટેક્નૉલોજી અને આર્થિક સહયોગ કાર્યકારી ક્ષમતા નિર્માણ કાર્યક્રમનો પ્રારંભ કરશે. 16 નવેમ્બર સુધી યોજાનારા આ કાર્યક્રમમાં માલદીવ, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડ સહિત આઠ દેશની રાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થાનના વરિષ્ઠ અધિકારી સહિત અન્ય લોકો ઉપસ્થિત રહેશે.

આયોગે જણાવ્યું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ વિવિધ ક્ષેત્રમાં માનવ અધિકારોને પ્રોત્સાહન, રક્ષણ અને મજબૂત કરવાનો છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનારા લોકોને માનવ અધિકારના રક્ષણ સંબંધિત વિચાર અને અનુભવોને રજૂ કરવાની તક મળશે.

# COP 29

સંયુક્ત રાષ્ટ્રનું 29મું વાર્ષિક આબોહવા પરિવર્તન સંમેલન આજથી અઝરબૈજાનના બાકુ ખાતે શરૂ થશે. નાણાકીય સંમેલન તરીકે રજૂ કરાયેલા 2 સપ્તાહના આ કાર્યક્રમમાં આબોહવા પરિવર્તનથી અસરગ્રસ્ત થનારા સૌથી વધુ અસલામત દેશોમાં તેના નવા આર્થિક લક્ષ્યને કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તે સુનિશ્ચિત કરવા પર વિચાર કરાશે. આમાં ભારત સહિત 200થી વધુ દેશના પ્રતિનિધિ ઉપસ્થિત રહેશે અને વૈશ્વિકસ્તર પર તાપમાનમાં વધારાને મર્યાદિત કરવા પેરિસ કરારને આગળ વધારવા પર એકસાથે મળીને ચર્ચા કરાશે.

સંમેલનમાં આબોહવા પરિવર્તન સંબંધિત બાબતોને પહોંચવાની શક્તિને મજબૂત કરવા અને વિકાસશીલ દેશો માટે સમર્થન મેળવવા અંગે પણ સંવાદ કરાશે. સમસ્યાનું નિવારણ સામે હોવા છતાં વિકાસશીલ દેશોમાં રોકાણની અછત છે. એટલે એવું માનવામાં આવી રહ્યું છે કે, આબોહવા પરિવર્તન પરઆ સંમેલનથી મજબૂત આર્થિક સ્થિતિના નવા યુગનો પ્રારંભ થઈ શકે છે. ભારત અને પછાત અને વિકાસશીલ દેશો માટે આબોહવા પરિવર્તનના લક્ષ્યોને પૂર્ણ કરવામાટે નાણાં, ટેક્નૉલોજી અને ઊર્જા સંશાધનોની પહોંચ આવશ્યક છે.

# JHARKHAND CAMPAIGNING

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનો ચૂંટણી પ્રચાર આજે પૂર્ણ થશે. આ તબક્કામાં 43 વિધાનસભા બેઠક માટે 13 નવેમ્બરે મતદાન થશે. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA અને ઇન્ડી ગઠબંધન બંનેના સ્ટાર પ્રચારક પોતપોતાના ઉમેદવારોના પક્ષમાં સમર્થન મેળવવા મતદારોને રિઝવવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી બપોરે ઝારખંડમાં પક્ષના કાર્યકર્તાઓના “મેરા બૂથ સબ સે મજબૂત” કાર્યક્રમને સંબોધિત કરશે. જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પૂર્વ મુખ્યમંત્રી ચિમ્પઈ સૉરેનના સમર્થનમાં આદિત્યપુરમાં આવેલા ફૂટબૉલ મેદાન ખાતે રેલી યોજશે.

આ તરફ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે પન્કી અને છતરપૂર વિધાનસભા મતવિસ્તારમાં 2 ચૂંટણી રેલી યોજશે. ઝારખંડ મુક્તિ મોરચાના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમંત સૉરેન હુસ્સેનાબાદ, સરાઈકેલા, ઈછાગઢ અને સિલિ મતવિસ્તારમાં સભાઓ સંબોધશે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# ELECTION

આસામ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની પેટાચૂંટણીના પ્રચારનો પણ આજે છેલ્લો દિવસ છે. આસામમાં બુધવારે જ્યાં પેટાચૂંટણી યોજાઈ રહી છેતે પાંચ વિધાનસભા બેઠકો માટે કુલ 34 ઉમેદવારો મેદાનમાં છે. NDA, કોંગ્રેસ અને BPFના ઘણા વરિષ્ઠ નેતાઓ આજે ચૂંટણી વિસ્તારોમાં મતદારોને રીઝવવાનો પ્રયાસ કરશે. આ પાંચ બેઠકો પર 10 લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

પશ્ચિમ બંગાળની છ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. ચૂંટણી પંચ આ મતવિસ્તારોમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે વ્યાપક પગલાં લઈ રહ્યું છે. આ છ બેઠકો પર 15 લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

# RG KAR MURDER TRAIL

પશ્ચિમ બંગાળના કોલકાતામાં આવેલી આર. જી. કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલની મહિલા તબીબ સાથે થયેલા દુષ્કર્મ અને હત્યા કેસ મામલે આજથી વિશેષ અદાલતમાં સુનાવણી શરૂ થશે. આ સુનાવણી ફાસ્ટ-ટ્રેક અને દરરોજના આધારે થશે.

આ હૉસ્પિટલ પરિસરમાં નવ ઑગસ્ટે સવારે મહિલા તબીબના મૃતદેહ મળ્યાના 94 દિવસ બાદ આ સુનાવણી શરૂ થઈ રહી છે. કેન્દ્રીય તપાસ સંસ્થા – C.B.I.એ કેસની પ્રક્રિયા શરૂ થવાના 35 દિવસ પેહલા આ મામલે પોતાનું પેહલું આરોપપત્ર દાખલ કર્યું હતું, જેમાં સંજય રોયને દુષ્કર્મ અને હત્યાના ગુનામાં “એકમાત્ર મુખ્ય આરોપી” દર્શાવાયો છે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું કે, આંધ્રપ્રદેશના દરિયાકાંઠા, યનમ અને રાયલસીમામાં આવતીકાલે ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 2 દિવસ દરમિયાન પશ્ચિમ પંજાબ અને ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં દિવસ અને રાત્રે વાદળછાયું વાતાવરણ રહી શકે છે.

# ASIAN HOCKY TROPHY

બિહારના રાજગીર ખાતે આજથી મહિલાઓની એશિયન હૉકી ચેમ્પિયન્સ ટ્રૉફી 2024 સ્પર્ધાનો પ્રારંભ થઈ રહ્યો છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર આજે સાંજે 10 દિવસની આ સ્પર્ધાનું ઉદ્ઘાટન કરશે. બિહાર રમતગમત સત્તામંડળના મહાનિદેશક રવિન્દ્રનશંકરને આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, સ્પર્ધામાં ભાગ લેનારી તમામ છ ટીમ ઘણી ઉત્સુક છે.

બિહાર પહેલી વખત આવી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાની યજમાની કરી રહ્યું હોવાનો પણ શ્રી શંકરને ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારનો લક્ષ્ય આવનારા વર્ષોમાં પૂર્વ ભારતમાં બિહારની રમતોને મુખ્ય કેન્દ્ર બનાવવાનું છે. આ સ્પર્ધામાં ભારત સિવાય ચીન, જાપાન, મલેશિયા, કૉરિયા અને થાઈલેન્ડ જેવા એશિયાની મુખ્ય હૉકી ટીમ ભાગ લઈ રહી છે.

# DELHI-POLLUTION.RTF

દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તા હજુ પણ અત્યંત નબળી શ્રેણીમાં છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા અનુસાર, આજે સવારે 7 વાગ્યે દિલ્હીમાં હવા ગુણવત્તા સૂચકાંક AQI 346 નોંધવામાં આવ્યો હતો.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન દિલ્હી એનસીઆરમાં રાત્રિ અને સવારના સમયે ધુમ્મસ અને હળવા ધુમ્મસની સંભાવના છે.

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર

# રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજના અખબારોમાં યુક્રેનનો રશિયા ઉપર મોટો હુમલો, મધ્ધપૂર્વમાં વધતો તણાવ અને કેનેડામાં ખાલીસ્તાન તરફી આતંક વાદીની ધરપકડના સમાચાર અલગ અલગ વર્તમાનપત્રોએ મુખ્ય બનાવ્યા છે.
- આ ઉપરાંત મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીના સમાચાર પણ દરેક અખબારોના પહેલા પેચ ઉપર જોવા મળી રહ્યાં એછ.
- ગુજરાત સમાચારે ભાજપના વરિષ્ઠન નેતા નીતિન ગડકરી દ્વારા પાર્ટીને સ્વચ્છ કરવાના નિવેદનના સમાચાર મુખ્ય બનાવ્યાં છે. જ્યારે કેનેડામાં અર્શ ડાલાની ધરપકડના સમાચાર પણ પહેલા પેજ ઉપર બીજા મુખ્ય સમાચાર તરીકે પ્રસિધ્ધ કર્યા છે.
- સંદેશે મધ્યપૂર્વ અને રશિયામાં ફરી હુમલા શરૂ ના મથાળા હેઠળ વધી રહેલા સંઘર્ષના સમાચારને પ્રાધાન્ય આપ્યું છે..જમ્મુ કાશ્મીરમાં અથડામણ તેમજ ઇરાકમાં પુરૂષ નવ વર્ષની કિશોરી સાથે પણ લગ્ન કરી શકશે તેવા મથાળા હેઠળ સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.
- દિવ્ય ભાસ્કરે મહારાષ્ટની ચૂંટણીનું વાયદા બજારના શિર્ષક હેઠળ ચૂંટણી લક્ષી સમાચાર પ્રકાશિત કર્યા છે..
- નવગુજરાત સમયે જમ્મુકાશ્મીરમાં આંતકવાદીઓ સાથેની અથડામણમાં એક જેસીઓ શહિદ અને ત્રણ સૈનિક ઘાયલના હેડીંગ સાથે સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.
- રાજય અને સ્થાનિક સમાચારોમાં
- વડતાલમાં દ્વિ શતાબ્દિ મહોત્સવ, વડનગરમાં તાનારિરી મહોત્સવના સમાચાર છેલ્લા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.. માવજી પટેલ સહિતના ભાજપમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરનારામે સસ્પેન્ડ કરાયા અને વાવની પેટા ચૂંટણીમાં આજે પ્રચાર પડઘમ શાંત થશે તે સમાચાર પણ મુખ્ય છે.
- સ્પોર્ટ્સમાં બીજી ટી-20માં દક્ષિણ આફ્રિકા સામે ભારતનો પરાજય થયો હોવાના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે..